પાલીટાણાની પ્રલયરૂપ રેલનો

આબેહુબ હેવાલ.

તથા


શ્રીજૈનધર્મ પ્રચારકોનો પ્રયાસ.

રચનાર તથા છપાવી પ્રસિદ્ધ કરનાર

કવિ શીવલાલ ખુશાલભાઇ બ્રહ્મભટ.

ગોમતીપુર—અમદાવાદ.

સને ૧૯૧૩. પ્રથમાવૃત્તિ પ્રત ૫૦૦.



અમદાવાદ.

ખાડીઆમાં હિતેચ્છુ પ્રેસમાં હરિપ્રર
મહેતાએ છાપ્યો.

અમુલ્ય.

पालीटाणानी प्रलयरुप रेलनो आबेहुब हेवाल.

तथा

श्रीजैनधर्म प्रचारकोनो प्रयास.

દુહો.

હીરજી ખેતસી ખેઅસી, સખાવતી સૂરવીર;
સલામત રખે શ્રીપ્રભુ, ધનાઢય ધર્મીષ્ટ ધીર. ૧

ગરબી—રાગ પરજ.

"ફોરી સહીયર જેનો કંથડો, હારે તેનાં પુરણ પાપ." એ રાગ.
પાલીટાણામાં પેશી ગઇ, જબ્બર જળની રેલ;
મનુષ્યો ને રે મકાનનો, ખોટો બન્યોજ ખેલ. પાલી० ટેક.
દીલગીર જેથી દેશાઓરે, વડા રાજા વજીર;
શ્રાવક સમસ્ત શહેરના, હિંદુ ઇસ્લામ અમીર. પાલી० ૨
અકસ્માત આ ઉપજ્યુંરે, મહા દારૂણ દુઃખ;
શોક વધ્યો આ રેલથી, કહેતાં જાય ન મુખ. પાલી० ૩
દુખી દીલે શું દાખવુંરે, પરમ હવો પોકાર;
જૈનધર્મ પ્રચારકો વીગરે, સહુ કરે સારવાર. પાલી० ૪
સંધ્યાએ સ્વરૂપ રાત્રીતણુંરે, ભલું ભાસતું જોઈ;
હરેક જીવો ઊંઘી ગયા, સદનવાસી સૌ કોઇ. પાલી० ૫
પર્યંત પાછલી રાતનુંરે, હવું વરસાદનું જોર;
[illegible] યો, થયું અંધારૂં ઘોર. પાલી० ૬
...સારવાર કરવા સૌ [illegible] ચઢી જતુંરે, સડક ઉપર બહુ વાર;
નુકશાન લાગ્યું ન લગાર. પાલી० ૭

જેથી ભેરવપુરાતણોરે, મહા મોટો જે બાગ;
નિશ્ચિતપણે સાંજ સમયથી, પેઠા પોતાની જાગ. પાલી૦ ૮
બાર વાગ્યા પછી બહુ થયોરે, મારો પાણીનો અપાર;
વિશેષે વધુ વરસાદથી, નદી ઉભરાઇ તેવાર. પાલી૦ ૯
પ્રલય સમય જેવું ચઢયુંરે, પ્રૌઢ પાણીનું પુર;
જેથી જન સમુદાયનાં, અતિ અકળાયાં ઉર. પાલી૦ ૧૦
ઘરમાંથી બહાર નીસરીરે, નાસવાનો નહિ લાગ;
બે માથોડાં પાણી બાર આગળે, નદીમાંહે નહિ તાગ. પાલી૦ ૧૧
ધબાકા સુણી પ્રજતાંરે, ઘરો પડ્યાના બહુ;
કલ્પાંત હુવો બહુ કારમો, ક્રોડ વસા શું કહું. પાલી૦ ૧૨
સરીતા સુધી શહેરનીરે, સરહદ ગણાય;
સામી તીરે ભેરવપુરાતણી, ખાલી ખડેર દેખાય. પાલી૦ ૧૩
નદી પરે નૌતમ હવોરે, પાકો પથ્થરનો પુલ;
સડકો સેતુથી ઊંચી ઘણી, આવે નહિ અનુકુળ. પાલી૦ ૧૪
પુષ્કળ વરસાદ પડવાથકીરે, નદીકેરૂં મહાનીર;
પુલમાં પસાર થઇ ન ચાલીયું, રહ્યું ઠામે તે થીર. પાલી૦ ૧૫
ભરાવા માંડયું ભેરવપુરમાંરે, બુરો બન્યો બનાવ;
જોતજોતામાં સડક ઉપરે, ફરી શકેજ નાવ. પાલી૦ ૧૬
સાવચેતીમાં ને જાગતારે, ઘરમાં હુતા જે જન;
આણુ બચાવાને પરવર્યાં, છોડી દઇ નીજ સદન. પાલી૦ ૧૭
અવાસતો આશ્રમ છોડીનેરે, ચઢયા વૃક્ષોની ડાળ;
વિચારી એવું વક્ષસ્થળે, અહીં આવે ન આળ. પાલી૦ [illegible]
પ્રભુકૃપાએ કરીરે, ઝુકી પડ્યાં ન ઝાડ;
ધન્ય ધાન્ય મળ્યું ધુળમાં, વડો હવો વિ[illegible]
[illegible] ભેરવપુર વિશેરે, રહ્યાં મકાનો પા[illegible]

પાકા પથ્થર ચુનાતણાં, જેથી આવી ન આંચ. પાલી૰ ૨૦
હોસ્પીટલ અખોવન રહીરે, ભેરવપરા મોઝાર;
ધીંગી ધર્મશાળા દીગંબરી, ત્રણ મકાનો તે ઠાર. પાલી૰ ૨૧
પાકા પથ્થર ચુનાતણારે, નહોતા બીજા અવાસ;
જેથી કરી જળ રેલમાં, હવા નીરથી ન નાશ પાલી૰ ૨૨
દબાએલા દુખીઓતણીરે, સુણી કીકીઆરી કાન;
કમકમાટી અતિ ઉપજે, નાશ જોઇ નિધાન. પાલી૰ ૨૩
પરંતુ પ્રવાહ પાણીતણોરે, પ્રબળ ઊંડો અપાર;
વખત વિષમ એવો ગુજર્યો શું કરે સારવાર. પાલી૰ ૨૪
બિલકુલ બીજા મકાનમાંરે, જળથી નહીં જવાય;
મદદ કરે શું મહા જનો, હરેક મન અકળાય. પાલી૰ ૨૫
વૃક્ષે ચઢવા લાગ્યા વેગથીરે, બચાવા પોતાના પ્રાણ;
ભયાનક ભેરવપુરા ભાસતું, વળી ગયું સથરાણ. પાણી૰ ૨૬
હારા દીકસ દીકરીતણાંરે, સુણી વિશાદી વેણ;
દયા દીલે બહુ ઉપજે, નીર ભરાયાં નેણ. પાણી૰ ૨૭
અઢીજ વાગતામાં હવેરે, ભેરવપુરનો નાશ;
ઉજ્જડ જેવો આખા પુરનો, ભાસ્યો ભયાનક ભાસ. પાલી૰
જાહેર કરવામાં આવીચુરે, સોળ ઇંચ વરસાદ;
વરરયોજ બે કલાકમાં, મુકી મન મરજાદ, પાણી૰ ૨૯
સ્ટેશનેથી જતાં શહેરમાંરે, સીધી સડક જેહ;
ભૈરવપુરામાં થઇ નિસરે, તેમાં નહિ સંદેહ. પાણી૰ ૩૦
ઉભય બાજુએ તેની ઓપતારે, સુશોભીત મકાન;
... રોનાં હુતાં, મહા મોટાં મુલવાન. પાલી
આરવાર કરવા સૌ ... વિધવા આશ્રમનું સ્થાન;
... વસ્તા સેક્રેટરી સુજાન. પાલી૰ ૩૨

દફ્તરી સાહેબનાં દીપતાંરે, હવાં નિવાસ સ્થાન;
આદે મકાનો અતિ ઘણાં, હતાં શોભાયમાન. પાલી૦ ૩૩
શરૂઆતે સડક ઉપરેરે, પડ્યાં કીયાં મકાન;
વાત મળી નહિ વસ્તીને, નીરસંશે વિધાન. પાલી૦ ૩૪
બચેલા વિધવાશ્રમનારે, નોકરે તેજ વાર;
જણાવ્યું હતું લોકને, વૃદ્ધ વડા હોંશીયાર. પાલી૦ ૩૫
વિધવાશ્રમ પહેલાં પડ્યાંરે, એક બેઉ મકાન;
ધબાકા તે સમે સાંભળ્યા, ક્રોડ વસાજ કાન. પાલી૦ ૩૬
કંથડજીભાઇ કેરો પડયોરે, મહા મોટો મુકામ;
આ હોનારતમાં આવી ફસ્યા, પોતે કુટુંબ તમામ. પાલી૦ ૩૭

विधवाश्रम विशे.

"વૈદરભી વનમાં વલવલે." એ રાગ.

ભૈરવપરામાં ભમી વળ્યું, પ્રલય કેરૂંરે પુર;
જેથી જન સમુદાયનાં, હવાં ઉદાસ ઉર. ટેક ભૈરવ. ૧
સડકે ભૈરવપુરા વચ્ચેનાં, પડવા માંડ્યા અવાસ;
બબે માંથોડાં પાણી ચઢયું, તમામ પામિયા ત્રાસ. ભૈરવ. ૨
જેથી કરી જન કોઇથી, બહાર નવ નિકળાય;
અફસોસ અંતજ આવીયો, એથી કરી અકળાય. ભૈરવ. ૩
વિધવાશ્રમના ચોગાનમાં, હતું પીપળાનું વૃક્ષ;
તે ઉપર ચઢવા તણો, લાગ હતો પ્રતક્ષ. ભૈરવ. ૪
ગુણામાં તેના ઉગીયા, મહા મોટા અંકુર;
તેના ઉપર ચઢયા પછી, નહોતી ડાળીઓ દુર. ભૈરવ.
(પણ) સુઝ્યું નહિ કોને તે સમે, અકળાઓ
બબે માથોડાં જેટલું, પથરાયેલ પુર.
હદન પાણી બહુ આવીયું, જેથી

વિધવા વિચારી મનમાં, અફસોસ આવ્યોજ કાળ, ભૈરવ. ૭
બચાવ માટે બહુ સોધીયા, અનેક અનેક ઉપાય;
પરંતુ પાણી ફરી વળ્યું, જળમાં નહી જવાય. ભૈરવ. ૮
માટે કરીને માનુની, શો કરેજ ઉપાય;
હુંદળ જળ આવી ફર્યું, દીસતું દુઃખદાય. ભૈરવ. ૯
જેથી વિધવાઓ વિચારીને, મહીલા ચઢી સૌ માળ;
સમજી ગઇ સહુ મનમાં, આવી પહોચ્યો અકાળ. ભૈરવ. ૧૦
અંત સમો સર્વે ઓળખી, ગાવા માંડ્યાં સ્તવન;
પ્રભૂજી શ્રીપારસનાથનાં, જુઠું જાણી જીવન. ભૈરવ. ૧૧
નવકારમંત્રનો નેહથી, જપવા માંડયોરે જાપ;
છોકરીઓને છોકરે, અધિક કરી અળાપ. ભૈરવ. ૧૨
એકાગ્ર ચિત્તથી ગાતાં રહી, પડયો અરેરે અવાસ;
એકાદ બાઇ ન ઉગરી, ખબર દેવાને ખાસ. ભૈરવ. ૧૩
બીજે દીવસે બાઇઓ તણો, કરતાં કરતાં તપાસ;
ગોળાકારે સૌ બાઇનો, ભાસ્યો સર્વને ભાસ. ભૈરવ. ૧૪
પ્રભૂ ભજન કરતાં માંહી, મુકી મોંઘી સુદેહ;
કહી આપતી તેમની કૃતી, તેમાં નહી સંદેહ. ભૈરવ. ૧૫
બહેન વેજબાઇ ખીમજી તણી, દસે આંગળીઓ હાથ;
હારમોનિયમની કળો પરે, દેખાતાજ સાક્ષાત. ભૈરવ. ૧૬
ચોપડીયો પ્રભુ ભજનની, હુતી ઘણાંના હસ્ત;
પામી ગભરાટ વિણુ સમાધીમાં, કાળધર્મ સમસ્ત. ભૈરવ. ૧૭
એકુ બાઇ બચી નહી, કહે કવિ શીવલાલ;
આરવાર કરવા સૌ આવીયા, જૈન ધર્મ પ્રતિપાલ. ભૈરવ. ૧૮
[illegible]ચંથળી કેરા વીર;
[illegible] ધર્મધુરંધર ધીર. ભૈરવ. ૧૯

जैनबोर्डींग विशे.

"કાહાનેરે ઓધા હરિ મારો કેમ ના આવ્યા,
સંદેશો શ્યામનોરે શો લાવ્યા" એ રાગ.

દબાયારે બોર્ડીંગ કેરા બાળો, અરરરર કેર હવોરે કાળો; દ. ટેક ૧
પુલની નજીક મકાન આ હુતુ, પાણીના મોકમ મારે સુતુ. દ. ૨
સારા ભાગ્યે રામો ચાકર જાગ્યો, ડેલી પાસે નીર જોવા લાગ્યો. દ. ૩
ઓટા પાસે કેડ સમું પાણી, અથાગ નીર આવ્યું એમ જાણી. દ. ૪
જેથી ઝટ કુંવરજીને જગાડી, બોલ્યોરે પાણી છે ઓટા અગાડી. દ. ૫
કુંવરજીએ કામ વડુ કીધું, ઓગણીસને અભયપદ દીધું. દબા. ૬
કુંવરજી શિખ્યા હુતા તરતાં, વિલંબ ન હવો બાળો લઇ વિચરતાં.
શીશુને રામો ઝાડ પાસે લાવે, સેક્રેટરી સૌનેજ ચઢાવે. દ. ૮
કુંવરજીએ ફર્જ અદા કીધી, શુદ્ધ પત્ની પુત્રની નવ લીધી. દ. ૯
જેથી ઘટે માન મોટું દેવું, રામાએ પણ કામ કર્યું તેવું. દબા. ૧૦
એટલામાં એ મકાન તુટી પડીયું, અસંખ્ય જળ આવીનેરે અડીયું.
અગ્રરાણુ સતરનું વળીયું, ઓગણીસનું આયુષ્ય અતિ બળિયું. દ. ૧૨
વદીરે વાણી યથામતી મહારી, જૈનબંધુ લેશે સૌ સ્વીકારી. ૧૩
જૈન ધર્મ વિદ્યા પ્રચારક વીરો, પાલીટાણે પધાર્યા અમીરો. દ. ૧૪
ધન્ય ધન્ય ધર્મ લાગણીવાળા, સદા રહો બહાદુરોની બોલબાલા.
એમ કથ્યાં કવિ જિનારાજે, હદવાળી જૈનો અક્કલબાજે . દ. ૧૬

દુહા—જૈન વિદ્યા પ્રચારક, ફંડ કર્યું તૈયાર;
લાચારોને લાભ આપશો, સખાવતી સરદાર. ૧
રૈયત કેરી રાજથી, થાય બહુ સારવાર;
કુળ દીપાવન કેશરી, કુશળ રહો

---

* શ્રીવિજયસિંહજી

શ્રીમાન શેઠ. હીરજીભાઈ ખેતસી ખીઅસીભાઇ વિગે.

ગરબી.

સખી બંહુરે આલીગારો કહાન, માળા તોડીરે—એ રાગ.

ખેતસી ખીઅસી ખાનદાન, શેઠ જુગોજુગ જીવો;
મોહોટા મર્તબાદાર મહાન, દાનવીર છે દીવો. ટેક-૧
પરોપકારી પાલીટાણામાં, કીધાં મહા મોટાં કામરે;
વિદેશીયોની વિપી વિડારી, ધવળ રચિયાં ધામ. શેઠ જુગ. ૨
જૈનબોર્ડીંગના વિદ્યાર્થીની, હરેક અડચણો ટાળીરે;
મદદ કીધી માતબર શેઠે, ભવ્ય મોટા ભાગ્યશાળી. શેઠ. ૩
સિદ્ધાચળનો સહ પ્રેમેથી, કાઢયો મહા મોટો સંઘરે;
મશહુર મોટા મુંબાઇ શહેરનો, ઉર ધરી ઉછરંગ. શેઠ. ૪
વાટયે વિચરતાં સર્વે કેરી, સબળ રાખી સંભાળરે;
ખાનપાન વગેરે વસ્તુની આવવા ન દીધી આળ. શેઠ. ૫
પાલીટાણે પુજી પ્રભુને, સર્વે આવ્યા સદનરે;
પ્રતાપીના પુણ્ય પ્રતાપે, વડું હવું ન વિઘન. શેઠ. ૬
સદાચરણી સાત્વકી સારા, સખાવતી સુરવીરરે;
શેઠ ખેતસી ખીયસી જેવા, ધર્મધુરંધર ધીર. શેઠ. ૭
સમતશિખર કેરા ગ્રામમાં, શ્રમજ લીધો અપારરે;
જશ્વિએ જર જાતે કરીને, દામનો ન રાખ્યો દરકાર. શેઠ. ૮
જયકારી જૈનધર્મ જકેરા, ધરમીષ્ટ ધોરી થંભરે;
મહાન જ્ઞાની માતબર મોટા, દીલ નહિ કોઇ દંભ શેઠ. ૯
નિરાભિમાની ને નિરવ્યસની, આત્મદર્શી ઉદારરે;
...ર વજ... ઉરે નહિ અહંકાર. શેઠ. ૧૧
... કીધાં કૃપાળુ કામરે;
...તર કીધું નામ. શેઠ. ૧૨

દેશ અને વળી વિદેશમાંહે, મેળવી મુબારકબાદીરે;
કરૂણાસિંધુ કચ્છીશેઠની, અચળ રહો આબાદી. શેઠ. ૧૩

પ્રભુપરાયણ કામો બહુ કીધાં, હોઇ સર્વેમાં આગેવાનરે;
માન મેળવ્યું મહારાજકેરૂં, બાહોશ બુદ્ધિનિધાન. શેઠ. ૧૪

પાલીટાણાની રેલકેરો, પરમ સુણી પોકારરે;
સારવાર કરાવી શેઠે, સંતોષા સહુ લાચાર. શેઠ. ૧૫

હરેક જણને આશ્રય આપ્યો, મોકલી માણુસો મુકામરે;
ઘરબાર વિનાના ગૃહસ્થને, નિર્મળ કીધું નામ. શેઠ. ૧૫

આવા ઉદાર ગૃહસ્થને આદેશ્વર, કાયમ રાખો કીરતારરે;
શીવલાલ કહે શેર નામી, મહીમંડળ મોઝાર. શેઠ. ૧૬

જૈનબંધુએ આજ રેલમાં, પુરણ કરી પ્રયાસરે;
સારવાર કરવા માટે, ખંત ધરી ખુબ ખાસ. શેઠ. ૧૮

અધિક માન શેઠ ખેતસી ખીઅસીને, આ અવસરે અપાયરે;
લાભ આપ્યો લાચાર જનને, જયકરો જગરાય. શેઠ. ૧૯

મનહર છંદ.

હીરજી ખેતસીભાઇ, સદા રહો સુખદાઇ;
કુશળ કીધી કમાઇ, દેશ રૂ વિદેશમાં.
મોટાં મોટાં પામ્યા માન, જાહેર પ્રસિદ્ધ જહાન;
ખુબીદાર ખાનદાન, રૂડી રૂ રવેશમાં.
જઇનશાસનકેરૂ, માન રાખનાર મેરૂ;
પેઢી પંકાઇજ પુરી, ઉજળા ઉજેસમાં.
પુણ્ય પરબો પ્રકાશી, સારી વધારે સાહબ
કહે કવિ શિવલાલ, શેઠ રહો

વિજ્ઞાપના.

આ ચોપડી ગોમતીપુરમાં મહાદેવની પોળમાં (જે નગરશેઠ મણીભાઇ પ્રેમાભાઇ વિરહ, હાલના નગરશેઠ કસ્તુરભાઇ વિવાહ વિનોદ, શેઠ ત્રિકમલાલ વિરહ, શેઠ વિરચંદશાહ વિરહ, શેઠ સારાભાઇ વિરહ, બેરોનેટ શેઠ ખરસેદજી જમશેદજી વિરહ, શેઠ ફરામજી પીટીટ વીરહ, શેઠ રૂસ્તમજી વકીલને મુબારકબાદી, શેઠ મનસુખભાઇ વિરહ, શેઠ અંબાલાલ વિવાહ ઉત્સવ, નરેંદ્ર નાગર સખાવતી શ્રીમાન શેઠ અવલ સરદાર સર. ચીનુભાઇ માધવલાલ બેરોનેટને મળેલ માનમુબારક બાદી,) વગેરે પુસ્તકો રચનારને ત્યાંથી મળશે. કવિ શિવલાલ ખુશાલ ગ્રંથ કર્તા.

જાહેર ખબર.

આથી સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે સોના ચાંદીના, ઝવેરાતના દરેક જાતના દાગીના બનાવનાર અને તેવા દરેક જાતના દાગીનાઓ ઉપર એનગ્રેવર્સ (નકસી કામ) અને વીંટીઓ ઉપર મોનોગ્રામ રાઇટીંગ્સ (વીંટી ઉપર અક્ષર પાડવા) તથા બીજાં દરેક જાતના દાગીનાઓ ઉપર નકસી કામ બનાવનાર.

એન ગ્રેવર.

પ્રાણજીવનદાસ રણછોડદાસ

ઠે. રાયપુર ચકલેશ્વર માહાદેવ

દુકાનું નં